# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: Election/૨૦૧૯/ તા.૦૮/૦૧/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ

ભાવનગર

વિષય : મતદાર જાગૃતિ અંતર્ગત શાળા કક્ષાએ યોજવાનો કાર્યક્રમ

સંદર્ભ : જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીનો પત્રાંક શિક્ષણ/જનરલ/વશી/૩૨૪/૨૦૧૮, તા. ૨૮/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય સંદર્ભદર્શીત પત્ર અન્વયે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત લોકોમાં મતદાન કરવાની ભાવના વિકસાવવા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે જે નિચે મુજબ રહેશે. શાળાઓએ ફક્ત પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર મળેલા ચિત્રોજ મોકલવામાં રહેશે અને બાકીના ચિત્રો શાળાઓએ પોતાની પાસે રાખવાનાં રહેશે અને સ્પર્ધાનાં યોજાયા બાદ જરૂરી અહેવાલ અને ફોટોગ્રાફ SVS કક્ષાએ મોકલવાનાં રહેશે. અને ત્યારબાદે SVS કક્ષાએથી અત્રેની કચેરીને મોકલવાનાં રહેશે જેની ખાસ નોંધ લેવી.

**ચિત્ર સ્પર્ધા**

| | |
|---|---|
| શાળા કક્ષાએ | તા.૧૧/૧/૨૦૧૯નાં રોજ યોજવાની રહેશે |
| QDC કક્ષાએ | તા.૧૫/૧૧/૨૦૧૯નાં રોજ (શાળા કક્ષાનાં શ્રેષ્ઠ ૧,૨ અને ૩ નંબર મળેલ ચિત્રો) |
| SVS કક્ષાએ | તા.૨૦/૦૧/૨૦૧૯નાં રોજ (QDC કક્ષાનાં શ્રેષ્ઠ ૧,૨ અને ૩ નંબર મળેલ ચિત્રો) |
| જિલ્લા કક્ષાએ | તા.૨૪/૦૧/૨૦૧૯નાં રોજ (SVS કક્ષાનાં શ્રેષ્ઠ ૧,૨ અને ૩ નંબર મળેલ ચિત્રો)નું પ્રદર્શન માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલ- ભાવનગર ખાતે યોજવામાં આવશે. |

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી

ભાવનગર

Scanned by CamScanner

ક્રમાંક : શિક્ષણ / જનરલ / વશી / ૩૨૪ / ૨૦૧૯
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા પંચાયત, ભાવનગર.
તા. ૨૮/૧૨/૨૦૧૮

પ્રતિ,
શ્રી મહેશ પાંડે,
શિક્ષણ નિરીક્ષકશ્રી અને આસી. SVEEP નોડલ ઓફિસર,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બહુમાળી ભવન, ભાવનગર.

**વિષય : તા.૨૧/૧૨/૨૦૧૮ નાં રોજ જિલ્લા નોડલ અધિકારીશ્રીની શાહીબાગ, અમદાવાદ ખાતેની રીવ્યુ બેઠકમાં મળેલ સુચનાની અમલવારી કરવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આગામી લોકસભા ચુંટણી – ૨૦૧૯ અન્વયે આપની આસી. SVEEP નોડલ ઓફિસર તરીકેની નિમણુંક કલેકટરશ્રી, ભાવનગર ધ્વારા કરવામાં આવેલ છે. શાહીબાગ, અમદાવાદ ખાતે SVEEP નોડલ અધિકારીની રીવ્યુ બેઠકમાં ડો. એસ. મુરલીક્રિષ્નન – ચીફ ઈલેકશન ઓફિસર, શ્રી એસ.એમ.પટેલ IAS – એડીશનલ ચીફ ઈલેકશન ઓફિસર અને શ્રી એમ.એ.ગોરીયા – નાયબ સચિવ ધ્વારા ઉપરોકત વિષયે મળેલ સુચના મુજબ નીચે મુજબની કામગીરી કરવા જણાવવામાં આવે છે.

- મતદાર સાક્ષરતા કલબ ધો. ૯ થી ૧૨ માં માધ્યમિક શાળામાં રચના કરવામાં આવેલ છે તેની અમલવારી કરવા બાબત.
- ગત વિધાનસભા ચુંટણીનાં મતદાન કરતાં ૫ થી ૧૦ ટકા મતદાન વધે તેવા પ્રયત્ન કરવા.
- ૧૮ + વય ધરાવતા મતદારોની નોંધણી થાય અને તેઓને ફોર્મ નં. ૬ ભરાવી મતદાર થઈ શકે તે માટે યુનિવર્સિટી કક્ષાનાં કાર્યક્રમો કરવા અને તેનું યોગ્ય આયોજન કરવું.
- ઈ.એલ.સી. કલબ નાં નોડલ અધિકારી દર બે માસે એક વખત મીટીંગ કરવી. ઈ.એલ.સી. ની એકટીવીટી કરાવવી, કોલેજ કક્ષાએ પણ ઈ.એલ.સી. છે તેઓની એકટીવીટી નિયમિત થાય તેવા પ્રયત્નો કરવા. શાળા કક્ષાએ ચુનાવ પાઠશાળા જેવા કાર્યક્રમો કરવા.
- ટાર્ગેટ ગ્રુપ, અશકત વ્યકિત, માઈગ્રેશન કરતાં લોકો, અચુક મતદાન કરે તેવા પ્રયત્ન કરવા.
- SVEEP અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ તેમજ શાળા કક્ષાએ, માધ્યમિક હાઈસ્કુલ કક્ષાએ, યુનિવર્સિટી કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું અને કરેલ આયોજન મુજબની અમલવારી થાય તે જોવું અને કરેલ કામગીરીનાં ફોટોગ્રાફસ સાથેનો અહેવાલ રાજયમાં મોકલવો.
- જિલ્લા કક્ષાએ કરેલ કામગીરીનો ફોટોગ્રાફસ સાથેનો અહેવાલ દર ૧૫ દિવસે રાજયમાં મોકલવો.
- દિવ્યાંગ અને વિકલાંગ મતદારોને મતદાન કરવામાં સરળતા રહે તે પ્રકારનું આયોજન કરવું.
- નેશનલ વોટર્સ ડે ની ઉજવણી સારી રીતે થાય તેનું પ્લાનીંગ કરવું અને કાર્યક્રમનો ફોટોગ્રાફસ સાથેનો અહેવાલ રાજય કક્ષાં મોકલવો.
- ૮૦ વર્ષથી વધુ ઉંમરનાં મતદારોને કલેકટરશ્રી ધ્વારા અપીલપત્ર લખાવવો.
- RTO ઓફિસે પણ ફોર્મ નં. ૬ આપી નવા મતદારોની નોંધણી પૂર્ણ કરાવવી.
- આ ઉપરાંત આપની કક્ષાએથી મતદાન જાગૃતિ અંગેનું યોગ્ય આયોજન કરી રાજય કક્ષાએ મોકલવું.

ઉપર મુજબની સુચનાઓની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત, ભાવનગર

**સવિનય નકલ રવાના : જાણ સારુ.**
(૧) માન. કલેકટર સાહેબ, કલેકટર કચેરી, ભાવનગર.

**નકલ જાણ તથા અમલવારી અર્થે**
(૧) નાયબ ડી.પી.ઈ.ઓ., ભાવનગર.

C:\Users\...\Downloads\esta letter.doc

Received 03/02/1